પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૪૪ • કુલ પાના : ૪ • તારીખ : ૧૨-૦૨-૨૦૨૪ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસ હંમેશા ચૂંટણી સમયે ખેડૂતોને યાદ કરે છે. તેમણે કહ્યું કે ભાજપ સરકાર ખેડૂતો અને આદિવાસીઓ માટે કામ કરી રહી છે

ઝાબુઆ,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે તેમની સરકાર આદિવાસીઓના હિત માટે કામ કરી રહી છે, જ્યારે વિપક્ષ કોંગ્રેસને માત્ર ચૂંટણી વખતે ગામડાઓ, ગરીબો અને ખેડૂતોની યાદ આવે છે. વડાપ્રધાન મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં આદિવાસી સમુદાયના લોકોની જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા. થોડા મહિનામાં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા આ વર્ષે વડાપ્રધાન મોદીની મધ્યપ્રદેશની આ પ્રથમ મુલાકાત છે. તેમણે કહ્યું, "અમે સિકલ સેલ એનિમિયા વિરુદ્ધ અભિયાન વોટ માટે નહીં, પરંતુ આદિવાસીઓના સ્વાસ્થ્ય માટે શરૂ કર્યું છે." તેમણે કહ્યું કે, "કોંગ્રેસને માત્ર ચૂંટણી સમયે જ ગામડાઓ, ગરીબો અને ખેડૂતો યાદ આવે છે.''

વડા પ્રધાન મોદીએ કહ્યું, "જ્યારે કોંગ્રેસ સત્તામાં હોય છે, ત્યારે તે લોકોને લૂંટવાનું કામ કરે છે અને જ્યારે તે સત્તાની બહાર હોય છે, ત્યારે તે લોકોને લડાવવાનું કામ કરે છે." તેમણે કહ્યું, "લુટ અને વિસંવાદિતા કોંગ્રેસનો ઓક્સિજન છે." તેમણે કહ્યું કે સંસદમાં વિપક્ષના નેતાઓ પણ હવે કહી રહ્યા છે



કે સત્તારૂઢ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ આ વખતે ૪૦૦ને પાર કરી ગયું છે.વડાપ્રધાને કહ્યું કે ભારતીય જનતા લોકસભાની ચૂંટણીમાં મતદાન કરશે.'કમળ'નું પ્રતીક. પાર્ટી ૩૭૦ થી વધુ સીટો જીતશે.

વડા પ્રધાને કહ્યું, ''હું ઝાબુઆમાં લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવા માટે નહીં, પરંતુ તમારા સેવક તરીકે આવ્યો છું. મધ્યપ્રદેશમાં અમારી ડબલ એન્જિન સરકાર બમણી ઝડપે કામ કરી રહી છે.'' વડાપ્રધાન મોદીએ મતદારોને દરેક બૂથ પર ૩૭૦ લોકસભા બેઠકો જીતવા માટે છેલ્લી ચૂંટણીની સરખામણીમાં ૩૭૦ વધારાના મતોની ખાતરી કરવા જણાવ્યું હતું. તમને જણાવી દઈએ કે પીએમ મોદીએ રાજ્ય માટે ૭,૫૫૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે હા કહ્યું કે મધ્યપ્રદેશમાં ચાલી રહેલા વિકાસ પ્રોજેક્ટો દર્શાવે છે કે ડબલ એન્જિન સરકાર તમામ વિકાસ કાર્યો પર બમણી ઝડપે કામ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રવિવારે મધ્યપ્રદેશના ઝાબુઆમાં આદિવાસી લોકો વચ્ચે રેલી યોજી હતી. જો કે પીએમએ કહ્યું કે આ રેલી ચૂંટણી સાથે સંબંધિત નથી. અહીં રેલીમાં તેણે એક બાળકને તેના હાથમાં દુખાવો ન થાય તે માટે હાથ હલાવવાનું બંધ કરવા કહ્યું. મોદીએ બાળકને કહ્યું કે દીકરા મને તારો પ્રેમ મળ્યો. મહેરબાની કરીને તમારો હાથ નીચે કરો, નહીં તો નુકસાન થશે. પીએમ નરેન્દ્ર મોદીએ બાળકીના હાવભાવની પ્રશંસા કરી. આ દરમિયાન તેણે બાળકને કહ્યું કે જો તે તેની તરફ હાથ હલાવવાનું ચાલુ રાખશે તો તેને હાથમાં દુખાવો થવા લાગશે.

અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન અને શિલાન્યાસને લઈને કહ્યું કે આ બધું ડબલ એન્જિન સરકારના કારણે થઈ રહ્યું છે. ડબલ એન્જીનવાળી સરકાર ઝડપથી વિકાસના કામો કરી રહી છે. પીએમએ કહ્યું કે મોદી અહીં લોકસભા ચૂંટણીના પ્રચાર માટે નથી આવ્યા, તેઓ અહીં વિધાનસભા ચૂંટણીમાં જીત બદલ લોકોનો આભાર વ્યક્ત કરવા આવ્યા છે. તેમણે કહ્યું કે મધ્યપ્રદેશના લોકો પહેલા જ કહી ચુક્યા છે કે તેમનો મૂડ શું છે. મોદીએ કહ્યું કે મધ્યપ્રદેશની જનતાએ અમારા પર જેટલો વિશ્વાસ દર્શાવ્યો છે તેટલો જ અમે રાજ્યના વિકાસ માટે મહેનત કરીશું.

ઝાબુઆ રેલીનો લોકસભા ચૂંટણી સાથે કોઈ સંબંધ નથી એમ કહીને પણ પીએમ મોદીએ સભામાં કોંગ્રેસ પાર્ટી પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસે ક્યારેય આદિવાસી સમાજના લોકોનો વિકાસ કર્યો નથી. કોંગ્રેસનું એક જ કામ છે - નફરત, નફરત અને નફરત. ૨૦૨૩માં કોંગ્રેસનો ખાત્મો થયો હતો, હવે ૨૦૨૪માં તેનો ખાત્મો નિશ્ચિત છે. પીએમ મોદીએ બેઠકમાં વધુમાં કહ્યું કે આદિવાસી સમાજ અમારા માટે વોટબેંક નથી, દેશનું ગૌરવ છે. તમારા બાળકોના સપના એ મોદીનો સંકલ્પ છે અને તમારું સન્માન અને વિકાસ એ મોદીની ગેરંટી છે. તેમણે કહ્યું કે જ્યારે હું ગુજરાતનો મુખ્યપ્રધાન હતો ત્યારે હું દરેક ગામમાં જતો હતો અને મને ભિક્ષામાં વચન આપવા કહેતો હતો કે તેઓ તેમની દીકરીને ભણાવીશ. ૪૦-૪૫ ડિગ્રી તાપમાનમાં હું ઝાબુઆની બાજુમાં દાહોદના જંગલમાં નાના ગામડાઓમાં જતો અને દીકરીઓને આંગળી પકડીને શાળાએ લઈ જતો.




## દેશમાં ૯ વર્ષમાં ફાંસીની સજા પામેલાની સંખ્યા ૪૫ ટકા વધી, આંકડો ૫૬૦ને પાર

નવીદિલ્હી,

દેશભરમાં વિવિધ અપરાધો હેઠળ ફાંસીની સજા પામેલા કેદીઓની કુલ સંખ્યા ૫૬૦ને પાર પહોંચી ગઇ છે. જે છેલ્લા બે દસકામાં સૌથી વધુ છે. ફાંસીની સજા પામેલા કેદીઓની સંખ્યામાં વર્ષ ૨૦૧૫ બાદ ૪૫ ટકાનો વધારો થયો છે. એટલે કે છેલ્લા નવ વર્ષ દરમિયાન આવા કેદીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. ગયા વર્ષે સૌથી વધુ ફાંસીની સજા આપનારા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ પ્રથમ, ઝારખંડ બીજા ક્રમે જ્યારે ગુજરાત ત્રીજા ક્રમે છે. જ્યારે ગયા વર્ષે દેશભરમાં ટ્રાયલ કોર્ટો દ્વારા કુલ ૧૨૦ લોકોને ફાંસીની સજા ફટકારાઇ છે.

દેશભરમાં ફાંસીની સજા અપાયેલા કેદીઓની કુલ સંખ્યા ૫૬૧ છે, જ્યારે ગયા વર્ષે જે ૧૨૦ અપરાધીઓને ફાંસીની સજા આપવામાં આવી તેમાંઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૩૩, ઝારખંડમાં ૧૨, ગુજરાત, હરિયાણા, મધ્ય પ્રદેશમાં ૧૧-૧૧ અને પશ્ચિમ બંગાળમાં ૧૦નો સમાવેશ થાય છે. આ તમામ અપરાધીઓમાંથી ૪૮૮ કેદીઓએ ટ્રાયલ કોર્ટના ફાંસીની સજાના ચુકાદાને હાઇકોર્ટોમાં પડકાર્યો છે જેનો કોઇ ચુકાદો નથી આવ્યો. દિલ્હીની નેશનલ લો યુનિવર્સિટી દ્વારા ફાંસીની સજા પરના વાર્ષીક રિપોર્ટને જાહેર કરવામાં આવ્યો હતો જેમાં આ આંકડા આપવામાં આવ્યા હતા.

ગયા વર્ષે દુષ્કર્મ-હત્યા સહિતના શારીરિક શોષણના કેસોમાં ૬૪ અપરાધીઓને ફાંસીની સજા ફટકારાઇ હતી. જે આંકડો ૨૦૧૬માં ૨૭ હતો, જ્યારે ૭૫ ટકા કેસોમાં ૧૨ વર્ષની નીચેની વયની કિશોરીઓ પર રેપ અને હત્યા બદલ ફાંસીની સજા અપાઇ છે. જોકે હાઇકોર્ટો દ્વારા મોટા ભાગના કેસોનો નિકાલ કરવાનો બાકી છે. ફાંસીની સજા પામેલા કુલ કેદીઓની સંખ્યા પર વર્ષ સાથે નજર કરીએ તો વર્ષ ૨૦૧૬માં આ સંખ્યા ૪૦૦ હતી, જે બાદ ૨૦૧૭માં ૩૬૬, ૨૦૧૮માં ૪૨૬, ૨૦૧૯માં ૩૭૮, ૨૦૨૦માં ૪૦૪, ૨૦૨૧માં ૪૯૦, ૨૦૨૨માં ૫૪૧ અને ૨૦૨૩માં સંખ્યા વધીને ૫૬૧ પર પહોંચી ગઇ છે. આ એવા કેદીઓની સંખ્યા છે કે જેઓ ફાંસીની રાહ જોઇ રહ્યા હતા. ફાંસીની સજા પામેલા કેદીઓની સંખ્યામાં વધઘટ હાઇકોર્ટ દ્વારા સજામાં ફેરફારોને કારણે થતી રહે છે. જ્યારે ટ્રાયલ કોર્ટો દ્વારા ફાંસીની સજા ફટકારાઇ હોય તેવા આંકડા પર નજર કરીએ તો ૨૦૧૬માં ૧૫૩, ૨૦૧૭માં ૧૧૦, ૨૦૧૮માં ૧૬૩, ૨૦૧૯માં ૧૦૪, ૨૦૨૦માં ૭૮, ૨૦૨૧માં ૧૪૬, ૨૦૨૨માં ૧૬૭, ૨૦૨૩માં સંખ્યા૧૨૦ હતી. એટલે કે ૨૦૧૬ બાદ ફાંસીની સજા સૌથી વધુ ૨૦૨૨માં આપવામાં આવી હતી. ગયા વર્ષે જે ૧૨૦ અપરાધીને ફાંસીની સજા અપાઇ તેમાં ૫૩ ટકા એવા કેસો છે કે જેમાં બળાત્કાર અને હત્યાનો સમાવેશ થાય છે. ટ્રાયલ કોર્ટોએ ૮૬ ટકા કેસોમાં અપરાધીઓની કોઇ જાણકારીની ગેરહાજરીમાં ફાંસીની સજા ફટકારી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા આવા કેસોમાં અપરાધીઓને છોડી મુકવા કે રિમાન્ડનો નિર્ણય લેવો તે દર્શાવે છે કે પોલીસ તપાસની ગુણવત્તા ચિંતાજનક છે. ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે કોઇ જ ફાંસીની સજાને માન્ય નથી રાખી. જ્યારે આ સમયગાળા દરમિયાન માત્ર એક હાઇકોર્ટ (કર્ણાટક) દ્વારા ફાંસીની સજાને માન્ય રખાઇ છે. તેથી વર્ષ ૨૦૦૦ બાદ સર્વોચ્ચ અદાલતો દ્વારા માન્ય રખાયેલી ફાંસીની સજાનો દર ૨૦૨૩માં સૌથી નીચો છે.

## અયોગ્ય રીતે રજા લેતા રાજ્યમાં 5 PSI સસ્પેન્ડ કરવામાં આવ્યા

ગાંધીનગર,

પોલીસની તાલીમ દરમિયાન બહાના બાજી નહીં ચાલે આવો કડક સંદેશો આપતા કરાઈ પોલીસ ટ્રેનિંગ એકેડમીના આઈપીજી અભય ચુડાસમાએ પાંચ પીએસઆઈને સસ્પેન્ડ કર્યા છે.

શિસ્તના પાયા પર રચાયેલા પોલીસ ફોર્સમાં ખોટા બહાના કરીને ખ રજા લઈ રહેલા તાલીમી પોલીસ અધિકારીઓ સામે શિસ્તના આગ્રહી એવા આઈપીએસ અભય ચુડાસમાએ કડક કાર્યવાહી શરૂ કરતાં ફાફડાટ ફેલાયો છે.

આ તાલીમાર્થીઓએ ખોટી કંકોત્રી છપાવી, જુનીયર કલાર્ક, તલાટી જેવી પો.સ.ઈ. કક્ષાથી નીચેના દરજજાની તથા ઓછા પગાર ધોરણ ધરાવતી સ્પર્ધાત્મક પરીક્ષા આપવાના,




પોતાની સગાઈ, ભાઈ-બહેનની સગાઈ, ભાઈ-બહેનના લગ્ન વિગેરે મતલબના ખોટા બહાના હેઠળ સંસ્થાના ઉપરી અધિકારીઓને ગેરમાર્ગે દોરી ખોટી રજાઓ મેળવી હતી. તેઓને વિરુધ્ધ રીપોર્ટ કરવા છતાં તેઓએ ગેરશિસ્ત ભર્યુ વર્તન ચાલુ રાખ્યું હતું

તદ્‌ઉપરાંત ચેતવણી તથા ઠપકાની શિક્ષા કરવા કરવા છતાં તેમના વર્તનમાં કોઇ પણ પ્રકારનો સુધારો આવ્યો નહીં. તેઓને તાલીમ દરમ્યાન રૂ. ૪૯,૦૦૦ જેટલો પગાર મળતો હોવા છતાં પોતાની ફરજ ટાળવાની વૃત્તિથી વિવિધ પ્રકારની રજાઓ મેળવી ગંભીર પ્રકારની ગેરવર્તણૂક કરી હતી. આમ પોલીસ ખાતા જેવા શિસ્ત વિભાગમાં નોકરીમાં ચાલુ રાખવા હિતાવહ ન હોઈ તેઓની નોકરી સમાપ્ત કરવા હુકમ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડ કરાયેલા તાલીમી પીએસઆઈમાં (૧) તાલીમાર્થી બિન હથિયારી પો.સ.ઈ.મુન્નાભાઈ એચ.(૨) તાલીમાર્થી બિન હથિયારી પો.સ.ઈ દેવલબેન વજુભાઈ દેવમુરારી (૩) તાલીમાર્થી બિન હથિયારી પો.સ.ઈ કમલેશકુમાર તલાભાઈ સુથાર (૪) તાલીમાર્થી બિન હથિયારી પો.સ.ઈ માદેવભાઈ અચળાભાઈ પટેલ (૫) તાલીમાર્થી બિન હથિયારી પો.સ.ઈ હરેશદાન અશોકદાન ટાપરીયાનો સમાવેશ થાય છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# શિક્ષણ મંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સંતરામપુર ખાતે આવાસોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો



મહીસાગર,

રાજ્ય સરકારશ્રીના નેતૃત્વ હેઠળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની અમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી), હળપતિ આવાસ યોજના, ડો.આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજનાઓના સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓનાં અંદાજીત ૧,૩૧,૪૫૪ આવાસોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી યોજાયો હતો. જે અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુર એસ. પી હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માદ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. મહીસાગર જિલ્લામાં અંદાજિત ૬૦૪૭ આવાસોનું ઈ-લોકાર્પણ અને ૬૬ આવસોનું ખાતમુહૂર્ત કરાયું.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માદ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રોટી, કપડાં અને મકાન એ દરેક લોકોની પ્રાથમિક જરૂરિયાત છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબ, વંચિતો અને જરૂરિયાતમંદોને પાકું મકાન બનાવી અનેક પરિવારોના સપના પૂરા કર્યા છે અને સાથે મહિલાઓને ધુમાડમાંથી મુક્તિ આપવા માટે ઉજવલલા યોજના અંતર્ગત મફત ગેસ કનેક્શન સાથે નલ સે જળ યોજના અંતર્ગત પાણી ઘરઆંગણે પોહચાડવામાં આવ્યું. સરકાર છેવાડાના ગામમાં જઈ ઘર આંગણે જઈ વંચિતોને શોધીને લાભ આપી રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દરેક નાગરિકને સુવિધાયુક્ત આવાસ મળે તેવું વડાપ્રધાનનું સપનું છે. જે વ્યક્તિ આર્થિક સદ્ધર ન હોય તે પણ સપનાનું ઘર બનાવી શકે તે માટે સરકાર કામગીરી કરી રહી છે. જેના કારણે સેકડો નાગરિકોને પાકા મકાન પ્રાપ્ત થયા છે. ત્યારે દરેક લાભાર્થી અન્યો સુધી આ યોજનાની જાણકારી પહોંચાડીને પોતાની નૈતિક જવાબદારી નિભાવે તે જરૂરી છે. કેન્દ્ર-રાજ્ય સરકાર દરેક યોજનાનો લાભ તમામ પાત્રતા ધરાવતા નાગરિકો સુધી પહોંચે તે માટે કામગીરી કરી રહી છે. તાજેતરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા હેઠળ લોકોના ઘર સુધી જઈને લાભાર્થીઓને ફલેગશીપ યોજનાનો મહત્તમ લાભ આપવામાં આવ્યો છે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર નેહા કુમારીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સી.એન. ભાભોરએ આભરવિધિ કરી હતી.

આ તકે મહાનુભાવોના વરદહસ્તે લાભાર્થીઓને સ્ટેજ પરથી આવાસની પ્રતિકાત્મક ચાવી સોંપવામાં આવી હતી. તેમજ લાભાર્થીઓએ આવાસ યોજનાનો સુખદ્ અનુભવ વર્ણવતા પોતાનો પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવાદ સહિતના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ એલ.ઈ.ડી. સ્ક્રિન પર પ્રધાનમંત્રીનું જીવંત પ્રસારણ નિહાળ્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ વળવાઈ, તાલુકા પંચાયત પ્રમુખ મંગુબેન, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર. પટેલ સહિત પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહિસાગર જિલ્લામાં વાસ્મોની નલ સે જલ યોજનામાં કરોડોનો ભ્રષ્ટાચાર

ખારોલ,

નલ સે જલ યોજનામાં કરોડોના ભ્રષ્ટાચારના પગલે મહિસાગર જિલ્લામાં વાસ્મો કચેરીના યુનિટ મેનેજર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવતા ૨૭ કોન્ટ્રાકટરોને ડિબાર કરવામાં આવ્યા છે.

જિલ્લાના જે ગામોમાં વાસ્મો યોજનામાં કોન્ટ્રાકટરો દ્વારા કામ પુર્ણ કરાયા નથી અથવા તો ભ્રષ્ટાચાર કરી નલ સે જલ યોજનામાં ખોટા બિલો પધરાવીને મોટાભાગે ખાઈકી કરી લેવામાં આવતા મહિસાગર જિલ્લામાં ૨૭ એજન્સીઓને ૩ વર્ષ માટે પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મોના કામોમાં ભાગ લઈ શકશે નહિ તેવા ગાંધીનગર કચેરીના આદેશની કોન્ટ્રાકટરોમાં સન્નાટો છવાઈ ગયો છે. નલ સે જલ યોજનામાં ૨૦૧૯થી ૨૦૨૪ સુધી ૨,૫૩,૩૬,૯૮,૫૫૨ જેટલી માતબર રકમ વપરાઈ ગઈ છે. જેમાં સંતરામપુર તાલુકામાં વધુ ૧૦૯ કરોડ રૂપિવા વાસ્મો વપરાઈ ગયાના આંકડા ખાતાકિય તપાસમાં આવેલી છે. મહિસાગર જિલ્લા કચેરી વાસ્મો દ્વારા ભ્રષ્ટાચારના પગલે યુનિટ મેનેજર સહિત કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા હતા. અને તરત જ નવા યુનિટ મેનેજર ગીરિશભાઈ આગોલા અને નવી ટીમ મુકી હતી. વાસ્મો યુનિટ મેનેજર ગીરિશભાઈ આગોલા દ્વારા ખાાકિય તપાસ કરાતા ૧૧૧ કોન્ટ્રાકટરોની થોડા દિવસ અગાઉ વાસ્મો કે પાણી પુરવઠા યોજનામાં ટેન્ડર ભરી શકશે નહિ ના આદેશ ગાંધીનગર સ્થિત કચેરીથી કરવામાં આવ્યા હતા. બાદ સંપુર્ણ તપાસ કરાતા મહિસાગર જિલ્લા યુનિટ મેનેજર ગીરિશ અગોલાના મોકલવામાં આવેલા ખાતાકિય તપાસના આદેશોને ગાંધીનગર સ્થિત ઈજનેર દ્વારા ૨૭ એજન્સીઓને ડિબાર કરી છે. જે કોન્ટ્રાકટરો કે એજન્સીઓ ત્રણ વર્ષ સુધી પાણી પુરવઠા યોજનામાં કે વાસ્મો યોજનામાં કામ કરી શકશે નહિ તા.૦૧/૦૪/૨૦૧૯થી આજની તારીખ સુધીમાં ૨,૫૯,૩૬,૯૮,૫૫૨ રૂપિયા યોજનામાં વપરાયા છે.

## ઝાલોદ APMC ખાતે ભીલ સમાજ પંચ દ્વારા કુરિવાજો ડામવા બેઠક યોજાઈ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ભીલ સમાજના લોકો મોટા ભાગે પોતાનું જીવન નિર્વાહ કરવાં ખેતી અને મજૂરી કરી પરિવાર ચલાવતા હોય છે. આ સમાજના લોકો મોટે ભાગે ખેતી કે મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા તેમની પાસે આવકનું કોઈ મોટું અન્ય સાધન ન હોઈ આવનાર મોટા સામાજિક ખર્ચાને પહોંચી વળે તેમ હોતું નથી તેથી આવા સામાજિક ખર્ચા કરવા આ સમાજના વ્યક્તિઓને દેવું કરવું પડતું હોય છે.

ભીલ સમાજ મહેનતુ હોવા છતાય તેને તેની મહેનત પ્રમાણે પૂરતું વળતર નથી મળતું તેથી આ સમાજની આર્થિક સ્થિતિ નબળી જોવા મળે છે. આદિવાસી સમાજમાં ચાલતા કુરિવાજો જેમકે લગ્ન પ્રસંગે મોંઘુ ડીજે લાવવું, દહેજ પ્રથા, લગ્નસરામા વાહન દ્વારા મોટી સંખ્યામાં લોકોને લઈ જવા, લગ્નસરામા જમવામાં વધુ વેરાયટી રાખવી, રકમ (સોના, ચાંદી) વધુ આપવી, લગ્નમાં ચાંદલો ચઢતો આપવો જેવી અસામાજિક પ્રથા ચાલતી જોવા મળે છે.આવા ખર્ચાળ સામાજિક પ્રથાને ભીલ સમાજ પહોંચી ન વળતા તે દેવું કરે છે અને તે દેવાની માયાજાળમાં જકડાઈ જતાં તેની આર્થિક સ્થિતિ વધુ નબળી થતી જાય છે અને તેથી તેનો વિકાસ પણ થતો નથી. ભીલ સમાજના ઉત્થાન અને પ્રગતિ માટે સમાજમાં ચાલતા આવા કુરિવાજો બંધ કરવા અને સમાજને ઉંચુ લાવવા ભીલ સમાજ પંચની એક મીટીંગ નગરની એપી.એમ.સી ખાતે યોજાઈ હતી.

ભીલ સમાજ એકબીજાને દેખાદેખીમાં દેવું કરી દસ લાખ થી વધુ રકમ લગ્ન પાછળ ખર્ચ કરતા થઈ ગયેલ છે તો લગ્નમાં ત્રણ લાખ થી વધુ રૂપિયા ભીલ સમાજ ખર્ચ ન કરે તેના માટે એક ઝાલોદ તાલુકાની ભીલ સમાજ પંચની રચના કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેથી ગામડાઓમાં જઈ મીટિંગ યોજી આ અંગે ભીલ સમાજમાં જાગૃતિ આવે જેથી ભીલ સમાજની આર્થિક સ્થિતિ મજબૂત બને. ભીલ સમાજ પંચ દ્વારા બાળકોના શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવા માટે પણ ભાર મુકવામાં આવ્યો હતો જેથી આવનાર પેઢીનું ભવિષ્ય સુંદર અને સારું બને તે સિવાય સમાજના વિકાશને લઈ ઘણા બધા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. વિશેષમાં આજના યુગમાં ભીલ સમાજનો માનવી વ્યસનના રવાડે ચડી ગયેલ છે , આ વ્યસનમાં દારૂ તેમજ જીવને હાનિકારક વ્યસન જેવી બદી દૂર કરવા પર પણ ભાર મુકવામાં આવેલ હતો.

તા.૧૧-૨-૨૦૨૪ ને રવિવારે માર્કેટ યાર્ડ ઝાલોદ ખાતે ભીલ સમાજ પંચ દાહોદ જિલ્લાની ટીમના સભ્યો ફતેસિંહ વહોનિયા, શૈલેષભાઈ મખોડિયા, દિનેશભાઈ ભાભોર, ધનેશભાઈ ગોહિલ, હિંમતસિંહ મુનિયા, અનિલભાઈ ભુરીયા, અરવિંદભાઈ વસૈયા અને સમગ્ર ઝાલોદ તાલુકાના આગેવાનો હાજર રહ્યા હતા.જેમાં ઝાલોદ તાલુકા ભીલ સમાજ પંચની રચના કરવા માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. દાહોદ-પંચમહાલ-મહીસાગર એમ ત્રણેય જિલ્લાના ભીલ સમાજના આગેવાનો અને સમાજની ચિંતા કરનાર તમામ જાગૃત નાગરિકો દ્વારા સમાજ માટે એક યોગ્ય લગ્ન બંધારણ બનાવવામાં આવ્યું હતુ. જેનો અમલ કરવા માટે તા.૨૬-૧૨-૨૦૨૩ થી જિલ્લાના અલગ અલગ તાલુકામાં લગ્ન બંધારણ પ્રચાર રથ મારફત દરેક ગામમાં મીટીંગ કરી અને જાગૃતિ કરવામાં આવેલ છે. જેનો સંપૂર્ણપણે અમલ થાય તે માટે ઝાલોદ તાલુકા ભીલ સમાજ પંચની રચના કરી તાલુકાનાં તમામ ગામોમાં અમલ થાય તે હેતુથી આજની મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

## દે.બારીયા નગર પાલિકાના કોન્ટ્રાકટર દ્વારા ટાઈમર લાઈટના નવા પોલ કયારે નખાશે ???


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં જુની સ્ટ્રીટ લાઈટો મોડા સુધી ચાલુ રહેતી હતી. તેના સમાધાન શોધીને દે.બારીયા નગર પાલિકાના દ્વારા ટાઈમર લાઈટના નવા પોલ ઉભા કરાયા હતા. નવા ટાઈમર પોલ સમયે ઓટોમેટીક ચાલુ થઈ જાય અને સવારે ઓટોમેટીક બંધ થઈ જાય છે. પરંતુ એક વર્ષનો સમય વિતવા આવ્યો છે. હજુ સુધી નવા ટાઈમર લાઈટના પોલ માટે આર.સી.સી.ના ફાઉન્ડેશન બોલ્ટ સાથે બનાવી દીધા છતાં અમુક જગ્યા ઉપર ટાઈમર લાઈટના પોલ માટેના નાણાં કોણ ચાઉં કરી ગયા તેની તટસ્ટ તપાસ થાય તેની શહેરની આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકા છેલ્લે બોડી જતા જતા ટાઈમર લાઈટો નાખ્યાની મંજુરી કરી હતી. તેમાં પણ મેળાપીપણાની મીલીભગતની આશંકા સેવાઈ છે. અમુક વિસ્તારોમાં ફાઉન્ડેશન પોલ ઉભા કરવા માટે બનાવી દીધા છે. પણ ત્યાં એક વર્ષના સમય બાદ પણ નવા ટાઈમર લાઈટના પોલ ઉભા થયા નથી શું ? આ ટાઈમર લાઈટ જ્યાં ઉભા નથી કરાયા ત્યાંના પણ બીલ બની ગયા હશે તેની તટસ્ટ તપાસ થાય તો આ ટાઈમર લાઈટના પોલ ઉભા કરનારા કોન્ટ્રાકટરે લાખ્ખોની હેરાફેરીના બીલો મંજુર થયેલા જણાશે અને મોટું કૌભાંડ બહાર આવે તો નવાઈ નહિ પરંતુ આ મલાઈ ખાવામાં બધાની મેળાપીપણી હોય" વાડ ચીભડાં ગળતી હોય તો કોને કહેવું " કતેવું શહેરની સમજુ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

## બાલાસિનોર ખાતે બે તાલુકાના ૨૯૦ આવાસોનું ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર,

બાલાસીનોર અને વીરપુર તાલુકામાં આજરોજ પ્રધાન મંત્રીના વરદ હસ્તે ઈ લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં બાલાસિનોર વિધાનસભા વિસ્તારના ૨૯૦ લાભાર્થીઓને ચાવી આપી સપનાનું ઘર ખુલ્લું મૂક્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર મહીસાગર જિલ્લામાં આવાસ ઈ લોકાર્પણ કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૭૩ ગામોમાં ૫૯૬૫ આવાસોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં બાલાસિનોર વિધાનસભા મત વિસ્તારમાં આવતા બાલાસિનોર અને વીરપુર તાલુકાના ૮૧ ગામોમાં થઈને ૨૯૦ આવાસોના ઈ લોકાર્પણ કાર્યક્રમ ધારાસભ્ય માનસિંહ ચૌહાણના વરદ હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠક, પિનાકીન શુક્લ, મુકેશભાઈ શુક્લ, જયેન્દ્રભાઈ બારોટ, જેઠાભાઈ વણકર સહિત પ્રાંત અધિકારી હિરેનભાઈ ચૌહાણ, મામલતદાર રાકેશભાઈ વાઘેલા, આર.એલ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી અવનીબા તાબિયાર સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ, પદાધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિરપુર કોર્ટ ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો : પ્રમુખ સહિતના કોર્ટના જજ રહ્યા ઉપસ્થિત



વિરપુર,

વિરપુરની સીવીલ કોર્ટ ખાતે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહિસાગર અને વિરપુર તાલુકા કાનુની સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો.

રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોર્ટના કોર્ટના વકીલ એશોસીયેશન તેમજ સ્ટાફે બી.પી ચેકઅપ કરાવ્યું હતું આ પ્રસંગે પ્રિન્સિપલ સિવિલ જજ વીરપુર ડી. એમ. પરમાર,તાલુકા પંચાયત પ્રમુખ નીખીલભાઈ પટેલ, તેમજ કોર્ટ વકીલ એશોસીયેશન સ્ટાફ ઉપસ્થિત રહ્યા. આરોગ્ય અને જળવાઈ રહે તે હેતુથી કેમ્પનુ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૭ જેટલા વ્યક્તિઓનું સુગર અને બી.પી. ચેકઅપ કરવામાં આવ્યું, જેમાં ડોક્ટર ઝાલા, ડો. પારગી, વૈભવી દાણી મિત્તલ જોષી સહિતના ઉપસ્થિત રહી ભાગ લીધો

## ઝાલોદ પોલીસને ધાવડીયા ચેક પોસ્ટ પરથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં મળી સફળતા



ઝાલોદ,

ઝાલોદ પોલીસ ગુનાહિત પરિબળો તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમોને ઝડપી પાડવા સતત નગરમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમ્યાન ડી.વાય.એસ.પી. ડી.આર. પટેલ તેમજ સી.પી.આઇ એચ.સી.રાઠવાના માર્ગદર્શન હેઠળ ધાવડીયા ચેક પોસ્ટ પર આવતા જતા વાહનોની ચેકિંગ કરી રહેલ હતા તે દરમ્યાન પી.એસ.આઇ એમ.એમ.માળીને બાતમી મળેલ હતી કે, રણધીકપુર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહી.ના ગુન્હામાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી નિલેશ કાનીયા મકવાણા (કાચલા ફળીયુ, ધાવડીયા) મોનાડુંગર બાજુથી ધાવડીયા ચેક પોસ્ટ થી બાઈક લઈને નીકળનાર છે. ચેકિંગ દરમ્યાન પોલીસને મળેલ બાતમી મુજબ બાઈક લઈને આવતા યુવકને રોકી પોલીસ દ્વારા કોર્ડન કરી આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે.

## બાલાસિનોરની કાલુપુર શાળામાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો




બાલાસિનોર,

અંધજન મંડળ નડિયાદ અને બાલાસિનોર લાયન્સ કલબના સહયોગથી યોજાયેલા નેત્ર નિદાન કેમ્પમાં અંધજન મંડળ નડિયાદના પ્રમુખ ભાસ્કરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કુલ ૪૧૪ ગ્રામજનોની આંખોની તપાસ વિના મૂલ્યે કરવામાં આવી હતી. જેમાં ૨૪૭ વ્યકિતઓને માત્ર રૂપિયા ૧૦/- માં આંખના નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં જિલ્લા આર્યુવેદિક અધિકારી ડો. રણજીતસિંહ બિનામા અને તેમની ટીમ દ્વારા ૧૫૬ દર્દીઓને તપાસી વિના મૂલ્યે આર્યુવેદિક દવાઓ આપવામાં આવી હતી કેમ્પમાં સરકારી હોમિયોપેથીક દવાખાનું બાલાસિનોરના ડો.ભકિતબેન શેઠ ઉપસ્થિત રહી ૧૧૬ દર્દીઓને તપાસી વિના મૂલ્ય દવાઓ આપી હતી. કેમ્પ કો.ઓર્ડીનેટર લા.યુસુફભાઈ ચોકસી, કાલુપુર પ્રાથમિક શાળાના આચાર્ય ખુમાનસિંહ, યોગેશભાઈ પંચાલ શિક્ષક સંઘના ઉપપ્રમુખ તેમજ શિક્ષકગણ, લાયન્સ પ્રમુખ લા. રુચિરભાઈ ખજાનચી લા.કાંતિભાઈ પટેલ તથા લાયન્સ સભ્યોનો સહયોગ મળતા કેમ્પ સફળ રહ્યો હતો.

## આપની આજ.......

મેષ : સ્વયં ઉપર વિશ્વાસ રાખવો જરૂરી છે. કાર્યક્ષેત્રમાં તમારું મેનેજમેન્ટ તથા કર્મચારીઓ સાથે યોગ્ય તાલમેલ જાળવી રાખીને કામની ગતિને વધારી શકાય છે.

વૃષભ : વ્યવસાયમાં કોઈ પ્રકારના રોકાણ કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો સમય અનૂકૂળ છે. કોઈ નજીકના સંબંધી કે મિત્ર સાથે વાદ-વિવાદ થવાની સ્થિતિ બની શકે છે.

મિથુન : પાડોસીઓ સાથે કોઈપણ વાતને લઈને બિલકુલ ન ગુંચવાશો. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. કોઈ પારિવારિક વાદ-વિવાદ આજે પૂર્ણ થવાથી ઘરમાં સુકૂન અને શાંતિનું વાતાવરણ રહેશે.

કર્ક : ક્યારેક-ક્યારેક વધારે કામનો ભાર હોવાથી તણાવ તમારી ઉપર હાવી થઈ શકે છે. ઘરના વડીલો સાથે થોડો સમય પસાર કરો. આ સમયે વ્યવસાયિક દષ્ટિકોણથી સમય અનુકૂળ છે.

સિંહ : આજે કોઈ અધ્યાત્મિક ગતિવિધિમાં તમારો વિશેષ રસ રહેશે અને તેમાં સમય પણ પસાર થશે. કાર્યક્ષેત્રમાં તમારો સમય ઓછો પસાર થશે. પારિવારિક વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે.

કન્યા : રૂપિયાની બાબતે કોઈના ઉપર વિશ્વાસ કરશો નહીં. ઘરમાં અનુશાસન પૂર્ણ વાતાવરણ રહેશે. તમારે તમારા વ્યવહારિક દષ્ટિકોણ અને ઉન્નત વિચાર દ્વારા કોઈ સફળતા પ્રાપ્ત થશે.

તુલા : કોઈ જૂની સમસ્યાનો ઉકેલ મળવાથી ખૂબ જ વધારે સુકૂન અનુભવ કરશો. દગો થવાની પણ સંભાવના છે. પારિવારિક તથા વ્યવસાયિક જીવનમાં સારું તાલમેલ જળવાયેલું રહેશે.

વૃશ્ચિક : સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આજે તમારા જીવનમાં કોઈ અજીબ ઘટના બની શકે છે. જેનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડશે. વેપારમાં આ સમયે આર્થિક મામલે વધારે મનન અને ચિંતન કરવાની જરૂરિયાત છે.

ધન : મિત્રો સાથે હરવા-ફરવામાં તમારો સમય ખરાબ ન કરો. લગ્ન સંબંધોમાં મધુરતા રહેશે. નજીકના સંબંધીઓ ઘરમાં આવી શકે છે અને ખાસ મુદ્દા અંગે ગંભીર ચર્ચા થઈ શકે છે. કામનો વધારે ભાર તમારી ઉપર લઈ શકો છો જેથી તણાવ વધી શકેછે.

મકર : તમારી ક્ષમતાથી વધારે દેવુ લેવાથી બચવું. પતિ-પત્નીનો એકબીજા સાથે તાલમેલ સારો જળવાયેલો રહેશે. વ્યવસાયમાં એક નિશ્ચિત રણનીતિ બનાવીને કામ કરવું જરૂરી છે.

કુંભ : બાળકોના કરિયરને લગતી કોઈ સમસ્યાનો ઉકેલ મળવાથી તણાવ દૂર થશે. વેપારમાં પબ્લિકને લગતા રિલેશન તરફ વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે. શરદી અને વાયરલને લગતી પરેશાની થઈ શકે છે.

મીન : ક્યારેક અતિ આત્મવિશ્વાસ જ તમારી પરેશાનીનું કારણ બની શકે છે. પતિ-પત્નીની વચ્ચે અહંકારને લઈને વિવાદ થઈ શકે છે. વ્યક્તિગત કાર્યોમાં વ્યસ્તતાના કારણે આજે વેપારને લગતા મોટાભાગના કામ ઘરેથી જ કરવા પડશે. ધ્યાન રાખો કે ઘરમાં કોઈ નાની વાતને લઈને મોટો મુદ્દો બની શકે છે.

### ચાર્જશીટમાં ૭ બેન્કોના ૨૦૦ જેટલા સ્ટેટમેન્ટ સામેલ

# દાહોદ નકલી કચેરી કૌભાંડની ૩૪૩૪ પાનાની ચાર્જશીટ કોર્ટમાં દાખલ

દાહોદ,

દાહોદ નકલી કચેરી કૌભાંડમાં અત્યાર સુધી ૧૩ આરોપીઓની ધરપકડ કરી દેવામા આવી છે જ્યારે બે આરોપીઓ વોન્ટેડ છે. આ કૌભાંડમાં પોલીસ ફરિયાદ નોંધાયાના ત્રણ માસ પછી પોલીસે દાહોદની અદાલતમાં ૩૪૩૪ પાનાની દળદાર ચાર્જશીટ દાખલ કરી હોવાનું જાણવા મળ્યુ છે. હવે આ કેસની કાનૂની જંગ કાયદેસર રીતે શરૂ થશે.

છોટાઉદેપુરમા નકલી કચેરી કૌભાંડનો પર્દાફાશ થયો હતો.તેની પ્રાથમિક તપાસ શરૂ થતાની સાથે જ આ કૌભાંડનો રેલો દાહોદ સુધી પહોંચતા જિલ્લાના સરકારી તેમજ રાજકીય આલમમા ભૂકંપ આવ્યો હતો. કારણ કે છોટાઉદેપુરના જ ભેજાબાજોએ દાહોદ જિલ્લામા એક બે નહી પરંતુ એક સાથે ૬ સિંચાઈ વિભાગની નકલી કચેરીઓ ખોલીને જે તે સમયે ૧૦૦ કામો મંજૂર કરાવી ૧૮.૫૯ કરોડનું કૌભાંડ આચર્યુ હોવાનો ભંડાફોડ થયો હતો. જેની પોલીસ ફરિયાદ ૧૦-૧૧-૨૦૨૩ના રોજ નોંધાવાઈ હતી. નકલી કચેરીના નકલી બાબુઓએ અસલી કચેરીઓના અસલી બાબુઓ સાથે મળીને રોકડી કરી લેવાની એક પછી એક કડીઓ મળતા પોલીસે ધરપકડનો દોર શરૂ કર્યો હતો. જેમાં ૭ સરકારી બાબુઓ કે જેમાં પૂર્વ આઈએએસ ઓફિસર અને તત્કાલીન પ્રાયોજના વહીવટદાર તેમજ નાની સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરનો સમાવેશ થાય છે.તેવી જ રીતે નકલી કચેરીઓના માસ્ટર માઈન્ડ સહિત અડધો ડઝન મળતિયાઓ પણ જેલની હવા ખાઈ રહ્યા છે.સૌથી પહેલી ધરપકડ નકલી ઈજનેર બનીને ખેલ પાડનાર સંદીપ રાજપૂતની થઈ હતી.પોલીસે જે તે સમયે ૧૩૦ જેટલા બેન્ક એકાઉન્ટની તપાસ હાથ ધરી હતી અને તેમાંથી ૭૦ જેટલા બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવામા આવ્યા હતા અને લેવડ દેવડની તપાસ હાથ ધરવામા આવી હતી.

આ ભેજાબાજોએ ૬ નકલી કચેરીઓના ૭ જુદી જુદી બેન્કોમાં ખાતા ખોલાવ્યા હતા અને તેના મારફતે સરકારના કરોડો ચ્યાંઉ કરવાનો કારસો રચ્યો હતો. આવા વિવિધ બેન્ક એકાઉન્ટના ૨૦૦ જેટલા સ્ટેટમેન્ટ સહિત અન્ય દસ્તાવેજી પુરાવા તેમજ અન્ય જવાબો મળી કુલ ૩૪૩૪ પાનાની ચાર્જશીટ દાહોદ પોલીસ દ્વારા કોર્ટમા દાખલ કરવામા આવી છે. હવે કોર્ટકેસને બોર્ડ પર લાવશે ત્યારે સરકારી વકીલો અને આરોપીના વકીલો વચ્ચે દલીલો શરૂ થશે.

**આરોપીઓની યાદી**

**સરકારી બાબુઓ**

બી.ડી. નિનામા,
વિશ્વદીપસિંહ ગોહિલ (વોન્ટેડ),
ઈશ્વર કોલચા,
મયુર પરમાર,
પ્રદીપ મોરી,
ગીરીશ પટેલ,
સતિષ પટેલ,
પુખરાજ રોઝ,
ભેજાબાજો,
અબુબકર સૈયદ,
સંદીપ રાજપૂત,
અંકિત સુથાર,
એઝાઝ સૈયદ,
ડો.સેફઅલી સૈયદ,
નરોત્તમ પરમાર,
વસીમુદ્દીન સૈયદ(વોન્ટેડ)

**કૌભાંડનુ કદ વધીને ૨૫ કરોડ થયુ!!**

દાહોદ જિલ્લામાં ૬ નકલી કચેરીઓ ખોલીને જે તે સમયે ૧૦૦જેટલા કામો મંજૂર કરાવ્યા હતા. તેના પેટે ૧૮.૫૯ કરોડ રૂપિયાની સરકારી ગ્રાન્ટ મંજૂર કરાવી બોગસ કચેરીઓના ખાતામા જમા કરાવી લીધા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. ત્રણ મહિનામા પોલીસે જે તપાસ કરી તેમાં ભેજાબાજોએ ૧૦૦ નહીં પરંતુ ૧૨૧ કામો મંજૂર કરાવ્યા હતા. અને તેના પેટે રૂ.૨૫,૬૬,૭૭,૬૫૧ રૂની સરકારી ગ્રાન્ટ લઈ લીધી હોવાનો પર્દાફાશ થયો છે.

**પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત**

દાહોદ પોલીસે ત્રણ મહિનાની તપાસના અંતે ૩ હજાર કરતા વધારે પાનાની ચાર્જશીટ કોર્ટમા દાખલ કરી દીધી છે. જો કે એવી માહિતી પણ પ્રાપ્ત થઈ છે કે તપાસ પૂર્ણ કરવામા આવી નથી અને તપાસ આગળ ચાલુ જ રહેશે. જેથી કોઈ એમ મનમા મલકાતુ હોય કે ચાર્જશીટ થઈ ગઈ છે ને આપણે બચી ગયા તો એ ભુલ ભરેલુ પણ હોઈ શકે છે.

# દાહોદ જીલ્લામાં ત્રણ અલગ-અલગ જગ્યાએ પોલીસે રેઈડ કરી ૧.૫૧ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં પોલીસે ત્રણ અલગ અલગ સ્થળોએ પ્રોહી રેડ પાડી કુલ રૂા.૧,૫૧,૨૦૦ના પ્રોહી જથ્થા સાથે બે ફોર વ્હીલર ગાડી અને બે મોટરસાઈકલો કબજે કર્યાનું જ્યારે ત્રણ બનાવોમાં પોલીસે ૦૪ ઈસમોને ઝડપી પાડી જ્યારે ૦૩ ઈસમ નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના આગાવાડા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ આગાવાડા ગામે લીંમડી ફળિયામાં રહેતાં રેવચંદભાઈ ઉર્ફે ટીકાભાઈ દુધાભાઈ ડામોરના રહેણાંક મકાનમાં પોલીસને મળેલ બાતમીના આધારે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસે મકાનમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૩૮૪ કિંમત રૂા.૪૦,૩૨૦નો પ્રોહી જથ્થો કબજે કરી મકાન માલિક રેવચંદભાઈ ઉર્ફે ટીકાભાઈની પોલીસે અટકાયત કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દાહોદ તાલુકાના મોટી લછેલી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ મોટી લછેલી ગામે નિશાળ ફળિયામાં રહેતાં તેજાભાઈ ઉર્ફે મુકેશભાઈ સોભારામ નાનકડ (ગારી)ના રહેણાંક મકાનમાં પોલીસને મળેલ બાતમીના આધારે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ પેટીઓ નંગ.૦૯ જેની કિંમત રૂા.૩૦,૨૪૦ના પ્રોહી જથ્થા સાથે મકાન માલિક તેજાભાઈ ઉર્ફે મુકેશભાઈ સોભારામ નાનકડ (ગારી)ની પોલીસે અટકાયત કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ ગરબાડા તાલુકાના વજેલાવ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ વજેલાવ ગામની સીમમાં બીયરના જથ્થાની હેરાફેરી થતી હોવાની પોલીસને બાતમીમાં મળતાં પોલીસ તરત સ્થળ પર પહોંચી ગઈ હતી ત્યારે પોલીસને જોઈ સ્થળ પર હાજર બે મોટરસાઈકલના ચાલકો અલ્કેશભાઈ સડીયાભાઈ કટારા (રહે. જેસાવાડા, તા.ગરબાડા, જિ.દાહોદ), શૈલેષભાઈ કિશનભાઈ વડક (રહે. નેલસુર, તાગરબાડા, જિ.દાહોદ), ઈક્કો ફોર વ્હીલર ગાડીનો ચાલક નરેશભાઈ લાલાભાઈ ડામોર (રહે. નઢેલાવ, કાંગણી ફળિયા, તા.ગરબાડા, જિ.દાહોદ) અને બોલેરો ફોર વ્હીલર ગાડીનો ચાલક મળી પાંચેય ઈસમોમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતાં જેમાંથી પોલીસે અલ્કેશભાઈ તથા શૈલેષભાઈને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી બે ફો વ્હીલર ગાડી અને બે મોટરસાઈકલો મળી ચાર વાહનો કબજે લઈ સ્થળ પરથી પોલીસે બીયરની કુલ બોટલો નંગ.૮૦,૬૪૦ના મુદ્દામાલ સાથે વાહનોની કિંમત મળી પોલીસે કુલ રૂા.૬,૯૦,૬૪૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે જેસાવાડા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં રજવાડી ચા ના બે સેન્ટરો પરથી નમુના લેવાયા



દાહોદ

દાહોદ શહેરમાં ચાલતા રજવાડી ચા ના બે સેન્ટરો પર દાહોદ જિલ્લા તથા સ્થાનિક ફુડ વિભાગ દ્વારા ઓચિંતી સંયુકત તપાસ હાથ ધરી ચા ના નમુના લેવામાં આવ્યા હોવાનુ જાણવા મળે છે.

દાહોદ શહેરમાં નગરજનોને શુદ્ધ અને ઉચ્ચ ગુણવત્તાવાળી ખાણીપીણીની ચીજ વસ્તુઓ મળી રહે તે હેતુથી દાહોદ નગરપાલિકાના ફુડ વિભાગ દ્વારા છાશવારે રેસ્ટોરન્ટો, લારીઓ તેમજ ફરસાણની દુકાનોમાં પણ તપાસ હાથ ધરવામાં આવે છે. ત્યારે જિલ્લાના ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ વિભાગ તથા દાહોદ નગરપાલિકાના ફુડ વિભાગ દ્વારા દાહોદમાં ચા ના શોખીનોનો શોખ પુરો કરતા શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા રજવાડી ચા ના બે સ્ટોલો પર સંયુકત તપાસ હાથ ધરી જુદા જુદા નમુના લઈ તપાસ માટે આગળ લેબોરેટરીમાં મોકલી આપ્યાનુ જાણવા મળેલ છે. દાહોદ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ વિભાગ તથા નગરપાલિકાના ફુડ વિભાગના અધિકારી પિંકલ નગરાલાવાલા તેમજ તેમની ટીમ દ્વારા પોતાને મળેલ કેટલીક ફરિયાદોને લઈને દાહોદ શહેરના યાદગાર હોટલ સામે આવેલ રજવાડી ચા સેન્ટર તથા ગોદી રોડ પર આવેલ રજવાડી ચા સેન્ટર ઉપર ઓચિંતી તપાસ હાથ ધરી હતી. અને બંને રજવાડી ચા સેન્ટરો પરથી તૈયાર ચા, અને મસ્કાબનની તપાસ કરી સંયુકત રીતે ચા, ચાનો મસાલો, બટર, જામ, વેજફેટ વગેરેના નમુના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા.

# દે.બારીઆના બૈણા ગામની શાળાના આચાર્યએ વાલીઓને પુછ્યા વગર બાળકોના એલ.સી.કાઢી બીજી શાળામાં દાખલ કરતા રજુઆત

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના બૈણા ગામની જુના ફળિયા પ્રાથમિક શાળાના આચર્યની આપખુદશાહી સામે વાલીઓએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

દે.બારીઆ તાલુકાના બૈણા ગામના જુના ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના આચાર્યએ પોતાની શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની કોઈપણ પુર્વ મંજુરી વગર તે બાળકોના સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ બીજી શાળામાં દાખલ કરી દીધા હોવાન જાણ બાળકોના વાલીઓને થતાં વાલીઓએ આ બાબતે શાળામાં જઈ ખાતરી કરી આચાર્યને પુછપરછ કરતા વાલીઓને કોઈ સંતોષકારક જવાબ નહિ મળતા આખરે વાલીઓએ પોતાના બાળકોના ભવિષ્યની ચિંતા કરી પોતાના બાળકોને ફરીથી પણ આ શાળામાં દાખલ કરવામાં આવે તેવો સુર હાલમાં વાલીઓમાં જોવાઈ રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ અહિંની જુના ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં કુલ ૧૬૩ જેટલા બાળકો અભ્યાસ કરે છે. આ શાળાના આચાર્ય દ્વારા વાલીઓની રજુઆતને કોઈ પ્રાધાન્ય નહિ આપી બાળકોના સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ અન્ય શાળામાં કઈ રીતે દાખલ થયા તે અંગેની પણ કોઈ સ્પષ્ટતા કરી નહોતી. બીજી તરફ આ શાળામાં અભ્યાસ કરતા બાળકોની છેલ્લા બે-ત્રણ વર્ષથી શિષ્યવૃત્તિ નહિ મળતી હોય જેને લઈ બાળકોના પરિવારજનોએ શાળામાં આવી તપાસ કરતા શિષ્યવૃત્તિની જગ્યાએ કેટલાક બાળકોના નામ અહિંની શાળામાં ન ચાલતા હોવાનુ પરિવારજનોને જાણવા મળતા તે બાબતે બાળકોના પરિવારજનોએ આ બાબતે આચાર્યને પુછતા આચાર્ય દ્વારા વાલીઓને કોઈ જવાબ મળ્યો ન હતો. વાલીઓએ ગામની અન્ય શાળામાં તપાસ કરતા જેમાં જુના ફળિયા વર્ગ પ્રાથમિક શાળાથી ત્રણ કિ.મી.દુર ઉગમણા ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં છ જેટલા બાળકોના એડમીશન વાલીઓની કોઈપણ પુર્વ મંજુરી વગર આપવામાં આવ્યા હોવાની હકીકત જાણવા મળી હતી. આ અંગે બૈણા ગામના જુના ફળિયા વિસ્તારના વાલીઓએ આચાર્યની અન્યત્ર બદલી કરવા માટે ઉચ્ચ અધિકારીઓ આવેદનપત્ર આપી રજુઆત કરાઈ છે.

# દાહોદ સ્માર્ટ સિટીમાં રખડતા પશુઓનો ત્રાસ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

૧૦૦૦ કરોડના ખર્ચે દાહોદને સ્માર્ટ સિટી બનાવવા જઈ રહ્યા છે દાહોદના સ્માર્ટ સિટીનું ડેવલપમેન્ટનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે દાહોદ સ્માર્ટ સિટીના કથળતા દ્રશ્યો સામે આવી રહ્યા છે દાહોદ સ્માર્ટ સિટીમાં રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે શહેરના ભરચક વિસ્તારોમાં રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે એક તરફ વહીવટી તંત્ર દાહોદની સ્માર્ટ સિટી તરફ આગળ વધારી રહ્યું છે દાહોદ નગરપાલિકા પણ દાહોદ સ્માર્ટ સિટી બનાવવા માટે આ થાક મહેનત કરી રહી છે પણ ક્યાંક ને ક્યાંક રખડતા પશુઓના કારણે દાહોદ સ્માર્ટ સિટી લાગી નથી રહી શહેરના અવરજવર કરતા મુખ્ય માર્ગો પર પશુઓનો જમાવડો જોવા મળી રહ્યો છે રખડતા પશુઓના કારણે અનેકવાર અકસ્માતો પણ થતા રહે છે.

દાહોદ સ્માર્ટ સિટીના રસ્તા ઉપર અનેક વાર આંખલાઓના યુદ્ધ ના વિડીયો પણ વાયરલ થતા રહ્યા છે અનેક વખત લોકોના વાહનોને નુકસાન પણ પહોંચી રહ્યા છે ત્યારે દાહોદ સ્માર્ટ સિટીમાં રખડતા ઢોર ને પકડવા માટે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તેવું લોકોમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે શહેરના સ્ટેશન વિસ્તારમાં રખડતા ઢોરોનો જમાવડો જોવા મળી રહ્યો છે અનેકવાર રખડતા ઢોરો જે છે તે લોકોને લેતા રહે છે વાહન ચાલકોને પણ રખડતા ઢોરોનો ડર રહેલો છે અનેકવાર આખલા યુદ્ધમાં લોકોને નુકસાન પણ પહોંચ્યું છે ત્યારે આ રખડતા ઢોરો પર ચોક્કસ કાર્યવાહી કરવામાં આવે તેવી દાહોદ શહેરમાં લોકોની માંગ ઉઠી છે કે નગરપાલિકા તંત્ર રખડતા ઢોરો પર કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી રહી છે.

# ઝાલોદ બાયપાસ પર બાંસવાડા જતાં રસ્તા પર સ્ટ્રીટ લાઈટ અને ખરાબ રસ્તાને લઈ સર્જાયો અકસ્માત



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ બાયપાસ પર સ્ટ્રીટ લાઈટના અભાવે તેમજ તૂટેલા રસ્તાને લઈ એક અજાણ્યા વાહનનું અકસ્માત થયેલ હોવાનું સવારે જાણવા મળેલ હતું. ત્યાથી પસાર થનાર નગરના જાગૃત નાગરિક તેમજ પૂર્વ ભાજપ પ્રમુખ મૂકેશ ડામોરને અકસ્માત થયો હોવાનું જાણવા મળેલ હતું. તેઓએ ધ્યાન પૂર્વક જોતા આ અકસ્માત ઉબડ ખાબડ રસ્તા તેમજ સ્ટ્રીટ લાઈટ ન ચાલવાના લીધે થયેલ હોવાનું માલુમ પડેલ હતું. અકસ્માત કરનાર વાહન રસ્તાની વચ્ચે સ્ટ્રીટ લાઈટના ડિવાઈડર પર ચઢી જઈ આખો થાંભલો પાડી દીધેલ હોવાનું જોવા મળ્યું હતું. તેમજ તૂટેલા થાંભલાની આજુ બાજુ વાહનના કાંચ જોવા મળેલ હતા.

મૂકેશ ડામોરના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી આ રસ્તાની સ્ટ્રીટ લાઈટો બંધ છે તેમજ આ માર્ગ બિલકુલ બિસ્માર થઈ ગયેલ છે, જવાબદાર તંત્ર આ અંગે જાગૃત થઈ આ રસ્તો સારી કક્ષાનો બનાવે તેમજ સ્ટ્રીટ લાઈટ ચાલુ થાય તેવી માંગણી કરેલ હતી. ઉપસ્થિત લોકોના જણાવ્યા મુજબ અહીં અકસ્માત થવું એક સામાન્ય ઘટના બની ગયેલ છે કેમકે આ રસ્તો બિલકુલ બિસ્માર છે, તેમજ રસ્તો ડામાડોળ છે. રસ્તાનું કોઈ લેવલીંગ ન હોવાથી ઘણાં વાહન પલટી પણ જાય છે. આ બિસ્માર રસ્તા અને સ્ટ્રીટ લાઈટને લઈ છેલ્લા કેટલાય વર્ષોથી જવાબદાર તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવેલ નથી . આ રસ્તાને નવીન ડિવાઈડર વાળુ બનાવવા માટે કેટલીય વાર માંગ કરવા છતાય આ રસ્તો ન બનાવવાનું જવાબદાર તંત્ર મન બનાવી બેઠું હોય તેમ જોવા મળી રહેલ છે.

આટલા વર્ષો થી આ રસ્તો બનાવવા માટે કેટલીય માંગણી છતાય જવાબદાર તંત્ર માંગણી ઘોળીને પી જતું હોય તેમ લાગે છે. નવાઈની વાતતો એ છે કે આ આખો બાયપાસ માર્ગ તૂટેલો હોવા છતાય આ માર્ગનો ટોલ ટેક્સ પણ અહીંથી નીકળનાર વાહનને ભરવો પડે છે. જવાબદાર તંત્ર રસ્તો પણ નથી બનાવતી છતાંય ટોલ ટેક્સ લે છે આ જવાબદાર તંત્રની દાદાગીરી જ કહેવાય.

આ બાયપાસ રસ્તા પર વહેલી સવારના સમયે લોકો મોર્નીંગ વોક પર પણ જતાં હોય છે. સ્ટ્રીટ લાઈટના અભાવે કોઈ દિવસ આ માર્ગ પર મોર્નિંગ વોક કરવા જતા વ્યક્તિ કોઈ વાહનની અડફેટે આવી જાય તેવી પૂરી શક્યતા જોવા મળે છે. જવાબદાર તંત્ર સ્તત્વરે સ્ટ્રીટ લાઈટ ચાલુ કરાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે, તેમજ સાથે સાથે આ બાયપાસ આખો નવીન બનાવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામેલ છે.

# દાહોદના ખરોડ ગામે ચાર ઈસમોએ પથ્થર તેમજ ગડદાપાટુનો મારમારી બે વ્યકિતને ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે મહિલા સહિત ચાર ઈસમોએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે બે વ્યક્તિઓને પથ્થર પથ્થર વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ દાહોદ તાલુકાના છાપરી ગામે તળાવ ફળિયામાં રહેતાં રમણભાઈ સુરપાળભાઈ મેડા, કાનોભાઈ રમણભાઈ મેડા તથા ભરતભાઈ રૂપાભાઈ ભાભોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે હાથમાં પથ્થરો લઈ ખરોડ ગામે સડક ફળિયામાં આવ્યાં હતાં અને જ્યાંથી પસાર થઈ રહેલા દિનેશભાઈ તથા વિનુભાઈ (બંન્ને રહે. રાબડાળ, તળાવ ફળિયા, તા.જિ.દાહોદ) નાઓને રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે દિનેશભાઈ તથા વિનુભાઈ સાથે ઝઘડો તકરાર કર્યો હતો અને એકદમ ઉશ્કેરાઈ જઈ બંન્નેને પકડી પાડી પથ્થર વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી દિનેશભાઈ અને વિનુભાઈને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંબંધે મંગળીયા ઝીથરાભાઈ બારીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીના હિરોલા ગામે ટ્રેકટરની અડફેટે વૃદ્ધનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી શરૂ થયેલા ગમખ્વાર અકસ્માતોનો સિલસીલો રોકાવવાનુ નામ લેતો નથી. તેમાં જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા ગમખ્વાર અકસ્માતોના બે બનાવો પૈકીના એક બનાવ સંજેલી તાલુકાના હિરોલા ગામે રંગલી ફળિયામાં એક ટ્રેકટર ચાલક તેના કબ્જાનુ ટ્રેકટર પુરઝડપે અને રોન્ગ સાઈડે હંકારી લઈ આવી સાગડાપાડા ગામના ૭૦ વર્ષના વીરાભાઈ લાલજીભાઈ તાવિયાડને ટક્કર મારી નાસી જતા વિરાભાઈ તાવિયાડને જીવલેણ ઈજાઓ થતાં તેમનુ સ્થળ પર જ મોત નીપજયું હતુ. આ સંબંધે સાગડાપાડા ગામના મરણ જનાર વીરાભાઈ તાવિયાડના દિકરા સુરતનભાઈ વીરાભાઈ તાવિયાડે નોંધાવેલી ફરિયાદના આધારે સંજેલી પોલીસે આયસર કંપનીના ટ્રેકટર ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે બીજો બનાવ દાહોદ તાલુકાના ખંગેલા ગામે ચેકપોસ્ટની સામે થોડે દુર ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે પર અજાણ્યો વાહન ચાલક તેના કબ્જાનુ વાહન પુરઝડપે હંકારી લઈ આવી ચેકપોસ્ટથી થોડે દુર પગપાળા જઈ રહેલા અજાણ્યા ઈસમને અડફેટમાં લઈ તેને મોઢાના ભાગે તથા ખભાના ભાગે પૈડા ફરી વળતા સ્થળ પર જ મોત નીપજ્યું હતુ.ફ આ અંગે ખંગેલા ગામના નવાપુરા ફળિયામાં રહેતા ગલીયાભાઈ સુરસીંગભાઈ મેડાએ કતવારા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.



પ્રા.આ કે ટાન્ડા ખાતે RKSK પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું તે અંતર્ગત આવેલ કિશોર કિશોરીઓને આરોગ્ય લગતી માહિતી આપવામાં આવી. જેમ કે કિશોરાવસ્થામાં આવતા બાળકોમાં ફેરફાર અવાજ બદલાવો, શારિરીક ફેરફાર, માનસિક ફેરફાર, જલ્દી વ્યશન ની લત લાગી જવી તેમજ સમુદાયમાં ફેલાતા જુદા-જુદા રોગો જેવા કે ટીબી લેપ્રસી, મેલેરિયા ડેન્ગ્યુ, સિકલસેલ અંગે સમજ આપવા આવી અને આપણે આવી બીમારીઓ થી કઈ રીતે બચી સકિયે તે અંગે સમજ આપવામાં આવી તથા કિશોર કિશોરીઓને બેગ, બોટલ, કાંપાસબોકસ, ટી-શર્ટ, ટોપી આપી પ્રોતસાહિત કરવામાં આવ્યા.

# લીમખેડાના કરમાદી તુફાન ગાડીમાં આવેલ ૭ ઈસમોએ એક વ્યકિતનું અપહરણ કરી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કરમાદી ગામે એક કુઝર તુફાન જેવી ગાડીમાં સવાર થઈ આવેલા સાત જેટલા ઈસમોએ મોટરસાઈકલ પર સવાર થઈ જઈ રહેલા બે યુવતિઓ સહિત મોટરસાઈકલના ચાલક સાથે ઝપાઝપી કરી બે યુવતિઓ પૈકી એક યુવતીને ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ ઝાલોદ તાલુકાના પારેવા ગામે સંગાડા ફળિયામાં રહેતાં સેમકુમાર નુરજીભાઈ સંગાડા તથા તેમની સાથે જાગૃતિબેન અને સેલીનાબેન એમ ત્રણેય જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ લીમખેડા તાલુકાના કરમાદી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે ત્યાં કુઝર તુફાન ફોર વ્હીલર ગાડી લઈને આવેલા મનોજભાઈ રાકેશભાઈ ભુરીયા (રહે.પારેવા, તા.ઝાલોદ, જિ.દાહોદ) તથા તેની સાથે અન્ય ૦૬ જેટલા ઈસમોએ સેમકુમારની મોટરસાઈકલને ઓવર ટેક મારી લાકડીઓ વડે આડ કરી ગેરકાયદેસર અવરોધ ઉભો કરી જાગૃતિબેનને ધક્કો માર્યો હતો અને સેલીનાબેન સાથે ઝપાઝપી કરી પકડી ધક્કો મારી બળજબરીપુર્વક સેલીનાબેનને કુઝર તુફાન જેવી ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ નાસી ગયાં હતાં.

આ સંબંધે સેમકુમાર નુરજીભાઈ સંગાડાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના આમલી મેનપુર ગામે રસ્તા ઉપર ગાડી ચલાવવા બાબતે ઝગડામાં એક વ્યકિતને દાતરડાથી ઈજાઓ કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આમલીમેનપુર ગામે રસ્તા પર ગાડી ચલાવવા મામલે થયેલ ઝઘડામાં એક ઈસમે એક વ્યક્તિને હાથના ભાગે દાતરડું મારી ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ આમલીમેનપુર ગામે રહેતાં અશ્વિનભાઈ ભાવસીંગભાઈ પરમાર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પોતાના ખેતર તરફ જઈ રહ્યાં હતાં તે સમયે ત્યાં ગામમાં રહેતાં ચંદ્રસીંહ નવલસીંહ પરમાર પોતાના કબજાની બોલે ગાડી લઈ આવ્યો હતો અને અશ્વિનભાઈને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું રસ્તામાં વચ્ચે કેમ ગાડી ચલાવે છે તને ડોફાઈ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાના હાથમાનું દાતરડું અશ્વિનભાઈના હાથના ભાગે મારી ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત અશ્વિનભાઈ ભાવસીંગભાઈ પરમારે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.144

### કાલોલના જેતપુર ગામે

# મામલતદાર અને પોલીસે રેઈડ કરી ગેરકાયદેસર રેતી ખનન કરતાં બે ટ્રેક્ટરો ઝડપ્યા

કાલોલ,
કાલોલ તાલુકાની ગોમા નદી માંથી ખનિજ માફિયાઓ દ્વારા રેતીનું ખનન અને વહન ગેરકાયદેસર કરાતું હોય છે. ત્યારે કાલોલના જેતપુર ગામે ગોમા નદી માંથી રેતી ખનન કરાઈ રહી છે. તેવી ફરિયાદના આધારે કાલોલ મામલતદાર, સર્કલ મામલતદાર અને પોલીસ ટીમ સાથે રેઈડ કરી રેતી ખનન કરતાં બે ટ્રેક્ટર ઝડપી પાડવામાં આવ્યા.,

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી ખનિજ માફિયાઓ માટે સોનાની ખાણ સમાન છે. ખનિજ માફિયાઓ દ્વારા બેરોકટોક ગેરકાયદેસર ઠેકાણે રેતી ખનનથી પ્રવૃતિ થતી હોય છે. કાલોલ મામલતદાર વાય.જે.પુવારને રવિવારે રજાના દિવસે ફરિયાદને આધારે કાલોલના જેતપુર ગામે ગોમા નદીમાં રેતી ખનન સ્થળે મામલતદાર, સર્કલ મામલતદાર અને પોલીસની ટીમ સાથે રાખી રેઈડ કરી હતી. રેતી ખનન કરતાં તત્વો રેઈડ જોઈને કેટલાક ટ્રેક્ટર



ચાલકો ભાગી છુટીયા હતા. મામલતદાર અને પોલીસ ટીમ દ્વારા રેતી ખનન કરતું એક ટ્રેક્ટર અને રેતી ભરેલ એક ટ્રેક્ટર મળી બે ટ્રેક્ટરો ચાલક સહિત ઝડપી પાડવામાં આવ્યા. ૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. રવિવારે રજાના દિવસે કાલોલ મામલતદાર અને પોલીસ ટીમે રેઈડ કરી બે ટ્રેક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ટ્રેક્ટર ચાલક નાથુભાઈ પુનાભાઈ ભરવાડ અને વિજય કાળુભાઈ ભરવાડ પાસેથી રોયલ્ટી પાસ માટે પુછપરછ કરતાં પરમીટ ન હોવાનું જણાવ્યું હતું. કાલોલ મામલતદાર દ્વારા ઝડપી પાડવામાં આવેલ વાહનો મામલતદાર કચેરીમાં સીઝ કરવામાં આવ્યા.

## રેતી ખનન કરતાં પકડાયેલ ટ્રેક્ટર ચાલકોની કબુલાત

કાલોલ મામલતદાર જેતપુર ગોમા નદીના પટમાંથી રેતી ખનન કરતા ટ્રેક્ટર ચાલક નાથુભાઈ પુનાભાઈ ભરવાડ અને વિજયભાઈ કાળુભાઈ ભરવાડને પકડી પુછપરછ કરતા તેઓએ જણાવ્યું હતું કે પાવડા વાળા ટ્રેક્ટર થી ખનન કરી ટ્રોલી વાળા ટ્રેક્ટર માં સાદી રેતી ભરી કુલ અગાઉ ચાર મે.ટન પ્રમાણે ૧૦૦ (સો) ફેરા કરેલ આ જગ્યાએ જોતા મોટા મોટા ખાડા પાડી વૃક્ષો ને જડ મુળથી ઉખાડી નાખી મહાકાય ખાડા પાડી આખો રસ્તો ખોદી કાઢીને ખનન કરેલ છે હવે જોવું રહ્યું કે ખાણ ખનીજ વિભાગ દ્વારા સરકારી તિજોરીને ફટકો મારતા ખનીજ માફિયાઓ સામે જીપીએસ સિસ્ટમ દ્વારા માપણી કરાવી દંડનીય કેવી કાર્યવાહી કરશે કે કેમ?

# કાલોલ બસ સ્ટેન્ડ પાછળ ભાથીજી મંદિર ગલીના રસ્તા ઉપર અવડ કુવામાં ફેંકાતી ગંદકી અને ગેરકાયદેસર દબાણોને લઈ મુખ્યમંત્રી સ્વાગતમાં રજુઆત

કાલોલ,
કાલોલ બસ સ્ટેન્ડ પાછળ ભાથીજી મંદિર ગલીના રસ્તા ઉપરના ગેરકાયદેસર ટ્રાફિકને અડચણરૂપ દબાણો તેમજ ગંદકી દુર કરવા માટે અવારનવાર પાલિકામાં રજુઆત છતાં નક્કર કાર્યવાહી નહી કરવામાં આવતાં દબાણ અને સ્વચ્છતાના મુદ્દે મુખ્યમંત્રી સ્વાગતમાં ફરિયાદ કરી.

કાલોલ બસ સ્ટેન્ડ પાછળનો વિસ્તારમાં ભારે ટ્રાફિક હોય છે. આ સ્થળે ભાથીજી મંદિરવાળી ગલીના રસ્તા ઉપર છેલ્લા વર્ષોથી ગેરકાયદેસર લારી ગલ્લાઓ દ્વારા દબાણ કરવામાં આવેલ છે. અરજદાર માયાબેન જીતેન્દ્રકુમાર કેલવાણીના માલિકીની દુકાન આવેલ છે અને ત્યાં શાકભાજી વેપાર કરે છે. દુકાનની બાજુમાં પાલિકાના અવડ કુવો આવેલ છે. જે બિનઉપયોગી છે. આ અવક કુવામાં આજુબાજુના ઈસમો દ્વારા ગંદકી કરાઈ રહી છે. પાલિકા તંત્ર ગંદકીથી ઉભરાતા અવડ કુવા માંથી સફાઈ કામદારો દ્વારા અવાર-નવાર સાફસફાઈ કરવામાં આવે છે. છતાં કુવાની આસપાસ ગેરકાયદેસર દબાણ કરી ઉભી રાખેલ લારી ગલ્લાઓ દ્વારા ગંદકી ફેલાવવામાં આવતી હોય છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા બિનઉપયોગી અવડ કુવાને પુરી દેવામાં આવે તો આ વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તેમ છે. કાલોલ પાલિકા દ્વારા ગેરકાયદેસર અને ટ્રાફિકને અડચણરૂપ દબાણો દુર કરવાની કામગીરી કરવામાં આવે છે ખરી પરંતુ ભાથીજી મંદિરવાળી ગલી પાસેના દબાણો દુર કરવામાં વ્હાલા દવલા જેવી નીતિ અપનાવાઈ રહી છે. ગંદકીને લઈ આસપાસની દુકાનોવાળા તેમજ રાહદારીઓ પરેશાન થતા હોય તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા અવડ કુવા પાસેના દબાણો અને ગંદકીનો કાયમી નિકાલ નહિ કરવામાં આવતાં અરજદાર દ્વારા આ પ્રશ્ન માટે મુખ્યમંત્રી સ્વાગતમાં રજુઆત કરાઈ છે. હવે જોવાનું રહ્યું કે, ગંદકી અઅને દબાણો દુર થાય છે કે નહિં.

# પંચમહાલ જિલ્લામાં ૪૩૨ પંચાયતના કુલ ૧૩,૯૪૫ આવાસોનું ઈ-લોકાર્પણ કરાયું

ગોધરા,
'વિકસિત ભારત-વિકસિત ગુજરાત'ની નેમને સાકાર કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના ડીસા ખાતેથી રૂ.૨,૯૯૩ કરોડના ખર્ચે ૧,૩૧,૪૫૦થી વધુ આવાસોનું વર્ચ્યુઅલ માધ્યમથી ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગુજરાતના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમાં યોજાયેલા સમાંતર કાર્યક્રમમાં રાજ્યભરમાં આવાસ યોજનાના લાભાર્થીઓ અને તેમના કુટુંબીજનો સાથે નાગરિકો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા વિસ્તારની કુલ ૪૩૨ પંચાયતના રૂ.૧૬૭.૩૪ કરોડના કુલ ૧૩,૯૪૫ આવાસોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જેમાં હાલોલ આદેશ આશ્રમ, પાવાગઢ ખાતે ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, હાલોલ પ્રાંત



અધિકારી ડો.પ્રણવ વિઠાણી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં હાલોલ વિધાનસભા વિસ્તારના કુલ ૩૫૨૬ આવાસોનું લોકાર્પણ કરાયું હતું.

શહેરાના ડોકવા ખાતેથી વિધાનસભાના ઉપાધ્યક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને જિલ્લા કલેક્ટર આશિષ કુમાર, નાયબ કલેક્ટર નિહાર ભેટારીયાની ઉપસ્થિતિમાં ૩૪૦૧ આવાસોનું લોકાર્પણ કરાયું હતું.

કાલોલ વિધાનસભાના પાંચ પથરા ખાતેથી ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારીયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રંગીતભાઈ, જિલ્લા ખેતીવાડી અધિકારી એમ.જી. પટેલ તથા જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૨૬૪૯ આવાસોનું લોકાર્પણ કરાયું હતું.

મોરવા હડફ ખાતેથી ધારાસભ્ય નિમિષાબેન સુથાર, જિલ્લા પંચાયતના પ્રમુખ રેણુકાબેન ડાયરા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કવિતાબેન, જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી. મકવાણા, તાલુકા વિકાસ અધિકારી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૨૫૬૯ આવાસોનું લોકાર્પણ કરાયું હતું.

ગોધરાના એસ.આર.પી. ગ્રૂપ-૫ના મેદાન ખાતેથી ધારાસભ્ય સી.કે. રાઉલજી, ગોધરા પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જેતાવત સહિતની ઉપસ્થિતિમાં કુલ ૧૮૦૦ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે લાભાર્થીઓએ આવાસ યોજનાનો સુખદ્ અનુભવ વર્ણવતા પોતાનો પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવાદ સહિતના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ એલ.ઈ.ડી. સ્ક્રિન પર પ્રધાનમંત્રીનું જીવંત પ્રસારણ કાર્યક્રમ નિહાળ્યો હતો. પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સંયુકત પ્રયાસો થકી જિલ્લાની પાંચેય વિધાનસભા વિસ્તારમાં વિવિધ મહાનુભાવો, હોદ્દેદારો, અધિકારીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામા લાભાર્થીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા ઈસ્કે હુસેની ચોક ખાતે સમુહ લગ્નમાં ૨૬ નવયુગલોના નિકાહ કર્યા





ગોધરા,
ગોધરા ઈસ્કે હુસેની ચોક ખાતે પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બીજા સમૂહ લગ્ન ભવ્ય આયોજન કરવામાં આવ્યું ૨૬ યુગલોએ નવજીવનની શરૂઆત કરી.

ગોધરા પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈસ્કે હુસેની ચોક ખાતે બીજા સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ સમૂહ લગ્નમાં ૨૬ યુગલોએ નવજીવનની શરૂઆત કરી સમૂહ લગ્ન સમારોહ આયોજન કર્યુ હતું. ગુજરાત અને મધ્યપ્રદેશના ૨૬ યુગલો લગ્નગ્રંથીની જોડાયા હતા. જેમાં ૨૩ દિકરા-દિકરીઓ માતા-પિતા વગરના યતિમ હતા. તેવા યુવક-યુવતિના સમૂહલગ્નમાં લગ્ન કરાયા હતા. ગોધરા ખાતે પહેલ ચેરીટેબલ ટ્રસ્ટમાં કોઈ પ્રમુખ કે ઉપપ્રમુખ નથી પણ કસ્બા વિસ્તારના નવ યુવાનો અને વડીલો ભેગા મળી સફળ આયોજન કરે છે. આ સમૂહ લગ્નમાં લગ્નગ્રંથી જોડાયેલા નવયુગલોને ભેટ સ્વરૂપે તિજોરી, પલંગ, વાસણ, સોનાની કાંટી સહિતના ઘરવખરીના સામાન આપવામાં આવ્યા. આ સમૂહ લગ્નમાં આઈ.જી., એસ.પી., ડી.વાય.એસ.પી., પી.આઈ. સહિત સેવાભાવી મહાનુભાવો હાજર રહ્યા હતા. આમં પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બીજા સમૂહ લગ્નનું સફળ આયોજન કરી ૨૬ યુગલોને લગ્ન ગ્રંથીથી જોડીને સેવાકાર્ય કરેલ છે. તે આગળ પણ ચાલુ રાખવાની નેમ વ્યકત કરી છે.

# ગોધરા તાલુકાના મણીપુર ગામે લગ્ન પ્રસંગમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી ડી.જે.ના તાલે ખભે બેસી નાચ્યા



ગોધરા,
પંચમહાલના ગોધરા તાલુકાના મણીપુર ગામે લગ્ન પ્રસંગમાં આપ ધારાસભ્ય ચૈતર વસાવા હાજર રહ્યા હતા. ચૈતર વસાવા ડી.જે.ના તાલે ખભે બેસીને નાચતા જોવા મળ્યા હતા.

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા ગોધરા તાલુકાના મણીપુર ગામે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી. લગ્ન પ્રસંગમાં હાજર રહેલા ચૈતર વસાવા ડી.જે.ના તાલે ચૈતર વસાવા ચાલેના ગીતોના રંગ જામી હતી. ત્યારે રાઠવા તો રાઠવા કે વાય તે ગીત ઉપર ધારાસભ્ય ખભે બેસીને નાચતા જોવા મળ્યા હતા. લગ્ન પ્રસંગમાં હાજરી આપતાં ચૈતર વસાવાએ પોતાના વિરોધીઓને ફિલ્મી ડાયલોગમાં જવાબ આપ્યો હતો કે જબ તક તોડેંગે નહી તબ તક છોડેંગે નહિ ને સાંભળી યુવાનો ખુશ થઈ ગયા હતા. આ લગ્ન પ્રસંગમાં આદિવાસી નેતા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# ગોધરા જહુરપુરામાંથી ગુમ થયેલ બાળકી વણાંકપુરમાંથી મળી આવી

ગોધરા,
ગોધરા શહેરના જહુરપુરા શાકમાર્કેટમાં બાળકી પોતાના સગા સાથે ખરીદી કરવા આવી હતી. બાળકી સગા પાસેથી વિખુટી પડી જતાં બાળકની શોધખોળ કરવા છતાં મળી ન આવતા ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. બાળકીનુ અપહરણ થયાની શંકાને લઈને પોલીસે વિવિધ ટીમો બનાવીને શોધખોળ શરૂ કરી હતી. તેમજ બાળકીનો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ કરીને શોધખોળ શરૂ કરી હતી. પોલીસે શહેરના વિવિધ વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરતા એક સીસીટીવી કેમેરામાં ભીખ માંગનારી મહિલાઓએ દુકાને દુકાને બાળકીને લઈને ફરતા જોવા મળ્યા હતા. ગોધરા તાલુકા પોલીસ મથકના પી.આઈ.પ્રવિણ અસોડા દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનીકલ સોર્સના આધારે તપાસ હાથ ધરી બાતમીના આધારે તાલુકા પોલીસ મથકની ટીમે ગુમ થયેલી બાળકીને ગણતરીના કલાકોમાં ગોધરાના વણાંકપુર ગામેથી શોધી કાઢી હતી. તેમજ બાળકીને લઈને જનાર મહિલાઓને પકડીને બી-ડીવીઝન પોલીસને સોંપ્યા હતા. પોલીસે મહિલાઓની પુછપરછ કરતા મહિલાઓએ જણાવ્યુ હતુ કે, અમે માંગવા નીકળ્યા હતા. ત્યારે બાળકી રસ્તામાં ભુલી પડેલી રખડતી હતી. જેથી અમે તેને અમારી સાથે લઈ ગયા હતા તેમ જણાવ્યુ હતુ. ત્યારે પરિવારજનોને બાળકી પરત મળતા પોલીસનો આભાર માણ્યો હતો.

# કાલોલ તાલુકામાં ૯ વર્ષની બાળકી સાથે દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

કાલોલ,
કાલોલ તાલુકાના એક ગામમાં ૯ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવાના ગુનામાં નરાધમને હાલોલની સ્પેશિયમલ પોક્સો સેશન્સ કોર્ટે ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી. કાલોલ પંથકના એક ગામમાં વર્ષ-૨૦૧૯માં રહેતી મહિલા પિયરમાં સ્વજનનુ અવસાન થતાં વિધિ માટે ચાણોદ ગઈ હોવાથી ૯ વર્ષની સગીર પુત્રી ઘરે એકલી હતી. જે સમયે પાડોશમાં રહેતા શખ્સે સગીરાએ પૌંઆ સાફ કરવાના બહાને બોલાવીને દુષ્કર્મ આચર્યુ હતુ. દરમિયાન તેની માતા ઘરે આવી જતાં અને ઘરમાં બાળકીને નહિ જોતા તેને શોધવા માટે નીકળતા અંતે સગીરા નરાધમના ઘરમાંથી ધણસતી હાલતમાં મળી આવી હતી. તે સમયે સગીરાની હાલત જોઈને તેની માતાને શંકાકુશંકાઓ જતા ઘરે લઈ જઈને પુછતાછ કરતા તેણે હકીકત જણાવી હતી. જે બાદ બાળકીની માતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ સંદિપ ઉર્ફે પિંટુ નરેન્દ્રભાઈ સોલંકીની અટકાયત કરી પોકસો અને દુષ્કર્મનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જે અંગેનો કેસ હાલોલ એડિ.સેશન્સ અને સ્પે.પોક્સો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ એલ.આર.શેઠની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી સંદિપ ઉર્ફે પિંટુ નરેન્દ્રભાઈ સોલંકીને કસુરવાર ઠેરવીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ઉપરાંત જોગવાઈ મુજબના દંડની રકમ ન ભરે તો વધુ એક મહિનાની કેદની સજા ફટકારી હતી.

# પંચમહાલ તત્કાલિન ના.કલેકટરના હુકમ સામે હાઈકોર્ટએ અધિકારીઓને શિક્ષિત કરો તેવી ટકોર

વિરપુર,
પંચમહાલના પોતાના કાર્યકાળ દરમિયાન ભારે વિવાદાસ્પદ રહેલા તત્કાલિન નાયબ કલેકટરે જમીન મહેસુલ કાયદા હેઠળ કરેલા નિર્ણયોથી નારાજ થઈને અનેક ખાતેદારોએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. તાજેતરમાં જ હાઈકોર્ટે એક સુનાવણી દરમિયાન જિલ્લામાં ફરજ બજાવી ગયેલા આ તત્કાલિન નાયબ કલેકટરે લીધેલા ખોટા નિર્ણય બદલ આવા અધિકારીઓને શિક્ષિત કરો તેવી ટકોર કરી હતી.

પંચમહાલ જિલ્લાના તત્કાલિન નાયબ કલેકટરે કાલોલ તાલુકાના જમીન સંબંધિ વિવાદમાં જમીન મહેસુલ કાયદા હેઠળ કરેલા વધુ એક નિર્ણયને જમીન માલિકો દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે જે કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે તત્કાલિન નાયબ કલેકટરના ખોટા નિર્ણયોની ગંભીર નોંધ લઈ સરકારને ટકોર કરતા જણાવ્યુ હતુ કે,આ અધિકારી દ્વારા જમીન મહેસુલ કાયદા અંતર્ગત લેવાયેલા ખોટા નિર્ણયો પૈકી પાંચથી છ નિર્ણયોને પડકારતી પીટીશન અત્રેની કોર્ટમાં દાખલ થઈ છે. આ અધિકારીએ જમીન મહેસુલ કાયદા અન્વયે પોતે કરેલા હુકમો અને સુધારા હુકમો જાતે જ સત્તાની ઉપરવટ જઈ હુકમ રદ્દ કર્યા છે.અને સેટ એ સાઈડના હુકમ કર્યા છે. જે પ્રકરણ મામલતદારને નવેસરથી નિર્ણય અર્થે રિમાન્ડ કર્યા છે. હાઈકોર્ટે આકરુ વલણ અપનાવતા કહ્યુ હતુ કે,એકાદ ખોટો નિર્ણય ભુલથી થયો હોય તેમ માની શકાય, પરંતુ આ અધિકારી દ્વારા જમીન મહેસુલના કેસોમાં કરાયેલ ખોટા નિર્ણયોની ક્રમબદ્ધ ભુલોની ભરમાર છે. જેની ગંભીર નોંધ લઈએ છીએ તેવી ગંભીર ટકોર કરી હતી. સાથે સરકારને કહ્યુ હતુ કે, આ પ્રકારના અધિકારીને શિક્ષિત કરો, અન્યથા અમારે તેમની વિરુદ્ધ હુકમ કરવા પડશે. થોડા સમય પુર્વે આ તત્કાલિન નાયબ કલેકટરના જમીન મહેસુલી કાયદા અન્વયે કરેલા હુકમ સંદર્ભે એજ્યુકેશન સોસાયટી દ્વારા કરાયેલ પીટીશનની સુનાવણી દરમિયાન વર્ષ-૧૯૫૩ની નોંધના કાગળો કચેરીમાંથી ગુમ થવાના પ્રકરણમાં પણ હાઈકોર્ટે કડક વલણ અપનાવતા જિલ્લા કલેકટરે નાયબ કલેકટર કચેરીના કેટલાક કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા હતા.

# ગોધરા તાલુકાના બેટીયામાં બે કિ.મી.નો ડામર રોડ બનતા ૩૦થી વધુ ગામોને લાંબા આંટાથી મુક્તિ

ગોધરા,
ગોધરા પાસે આવેલ બેટીયા ગામમાંથી પસાર થતી પાનમ કેનાલની બંને બાજુથી પસાર થતો માર્ગ અત્યંત બિસ્માર થઈ જવા પામ્યો હતો.જેથી કાંકણપુરને સીધા જોડતા વાવડી, વીજોલ, પડીપર, પેથાપુર, સહિતના ૩૦થી વધુ ગામોની પ્રજાને વર્ષોથી હાલાકીઓ વેઠવાનો વારો આવ્યો હતો. ખાસ કરીને ચોમાસાની સીઝન દરમિયાન કાદવ-કિચડથી ખદબદતો હોવાથી વિસ્તારના લોકોને લાંબો ચક્કર લગાવવાની ફરજ પડતી હતી. રસ્તાની સમસ્યાના નિરાકરણ માટે ગામના સરપંચ, સભ્યો સહિતે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીને નવીન માર્ગ માટે રજુઆત કરતા ધારાસભ્યએ ગ્રામજનોની સમસ્યાને ગંભીરતાથી લઈને કેનાલની બંને બાજુના બે કિ.મી.ના ડામર માર્ગને મુખ્યમંત્રી સરલ યોજના અંતર્ગત અંદાજિક એક કરોડની માતબર રકમે મંજુર કરાવ્યો હતો અને ખાતામુર્હુત કરીને કેનાલની બંને બાજુ માર્ગની કામગીરીનો પ્રારંભ કરાવ્યો છે. ફેબ્રુઆરી માસના અંત સુધી માર્ગની કામગીરી પુર્ણ થઈ જશે. નવીન રોડ તૈયાર થઈ જતા વર્ષો જુની રોડની સમસ્યાનુ કાયમી નિરાકરણ આવી જશે.

# કાલોલ ખડકી ટોલનાકા પાસે ફોર વ્હીલ ચાલક બાઈકને ટક્કર મારી ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના ખડકી ટોલનાકા પાસે ફોર વ્હીલ ચાલેક પોતાનું બાઈક પુરઝડપે હંકારી લાવી બાઈકને ટક્કર મારી બાઈક ચાલક અને પાછળ બેઠેલ મહિલા અને બાઈકને ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલસી મથકે નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ખડકી ટોલનાકા પાસે ફોર વ્હીલ ગાડી નં. જીજે.૧૭. બીએચ. ૮૫૮૫ના ચાલકે પુરઝડપે હંકારી લાવી બાઈક નં.જીજે.૨૦. બીએફ.૩૯૫૨ને અડફેટમાં લીધી હતી અને ચાલક હિમંતભાઈને નીચે પાડી દઈ માથાના ભાગે તેમજ ખભાના ભાગે ઈજાઓ ફેકચર કર્યું હતું તેમજ પાછળ બેઠેલ અસ્મિતાબેન તથા રોહન ઉ.વ.૩ને ઓછી વધતી ઈજાઓ કરી ફોર વ્હીલ ચાલક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધવા પામી છે.